પંચપ્રકલ્પ / પં.૨૧.૦૮૧ / ૧૨૪

તા ૨૫/૨/૨૦૨૩

# સરકારી વિનયન કૉલેજ કપરાડા, વલસાડ.

## પંચપ્રકલ્પ અંતર્ગત પર્યાવરણ, સ્વચ્છતા, જળસંરક્ષણ તેમજ જળસંચય કાર્યક્રમનો અહેવાલ

તા.૨૫/૨/૨૦૨૩ ના રોજ સરકારી વિનયન કૉલેજ કપરાડા ખાતેથી " પંચ પ્રકલ્પ " કાર્યક્રમ અંતર્ગત "સહકારી દુધ ઉત્પાદક મંડળી કાજલી" ખાતે પર્યાવરણ, સ્વચ્છતા, જળસંરક્ષણ તેમજ જળસંચય વિષયાન્વયે કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું. કાર્યક્રમ અંતર્ગત સરકારી વિનયન કૉલેજ કપરાડાના અધ્યાપક શ્રી દિપકભાઇ વી.પટેલ તેમજ ડૉ.મેઘના કે.ધારણે, કાજલી ગામના દુધ ઉત્પાદક મંડળીના સંચાલકશ્રી, ગ્રામજનો અને કૉલેજનાં વિધ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમની શરુઆતમા કૉલેજના અધ્યાપક શ્રી દિપકભાઇ પટેલે પોતાની તેમજ સાથે આવેલ વિદ્યાર્થીઓ અને અન્ય અધ્યાપકોની ટુંકમા ઓળખ આપી, કૉલેજનો પરિચય તેમજ ત્યાં ચાલતા વિષયો, અન્ય પ્રવૃત્તિઓથી ગ્રામ જનોને માહિતગાર કર્યા. પોતે કયા હેતુથી તેમને મળી રહ્યા છે તે અંગે સ્પષ્ટતા કરી.

ત્યારબાદ વર્તમાનયુગમાં પર્યાવરણનું મહત્વ સમજાવી, પર્યાવરણ દુષિત કરવાથી આવનાર આપત્તિઓનો વિગતે ચિતાર આપી, આપણી કક્ષાએ પર્યાવરણને સ્વચ્છ રાખવા શક્ય ઉપાયોની છણાવટ કરી. તેમણે પોતાના વક્તવ્ય દરમિયાન સ્વછતાના મહત્વને પણ પ્રસ્થાપિત કર્યુ.

ત્યાર બાદ કૉલેજના પ્રા.ડૉ.મેઘના ધારણેએ ગ્રામજનો સમક્ષ પાણીના મહત્વને પોતાના વક્તવ્ય દરમિયાન રજુ કર્યુ. ગ્રામજનોને પાણી બચાવવા માટે માનસિક રીતે કટિબધ્ધ કર્યા. કપરાડા વિસ્તારમાં પાણીને લગતી સમસ્યાઓ ગ્રામજનોનાં મુખે સાંભળી અને તેને નિવારવા માટે આપણે કયા પગલા ભરી શકીયે તેની ચર્ચા કરી. 'જળ જીવન મિશન" તેમજ "જળ સંચય યોજના"," જળ સંગ્રહ યોજના" જેવી સરકારી યોજનાઓ અને તેના કાર્યક્ષેત્રથી ગ્રામ જનોને વાકેફ કર્યા.

કાર્યક્રમના અંતે કાજલી ગામના દુધ ઉત્પાદક મંડળીના સંચાલક શ્રી પ્રભુભાઇ ભોયાએ પોતાના બે શબ્દો રજુ કર્યા. તેમણે ગ્રામજનોને પર્યાવરણ સુરક્ષા, તેમજ જળસંરક્ષણ અને જળ સંચય માટે અનુરોધ કર્યો. આમ, કાજલી ગામ ખાતે પંચપ્રકલ્પ અંતર્ગત પર્યાવરણ, સ્વચ્છતા, જળસંરક્ષણ તેમજ જળસંચય કાર્યક્રમ આયોજનબધ્ધ રીતે સમપન્ન થયો.

Govt. Arts College-Kaprada

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.